For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



ભાયલી ગેંગ રેપ કેસમાં ઝડપાયેલા પાંચેય આરોપીઓને ઓળખ પરેડ માટે મેસિસ્ટ્રેટ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા.

### ભાયલી સામુહિક દુષ્કર્મના આરોપીઓને બે દિવસના રિમાન્ડ મંજૂર

# કોર્ટમાં આરોપીએ કહ્યું : 'સાહેબ જેલ ભેજ દો, પોલીસ બહોત મારતી હૈ'

## વકીલોએ ગુજરાત પોલીસ જિંદાબાદના નારા લગાવ્યા

**મેજિસ્ટ્રેટ** સમક્ષ તેઓની ઓળખ પર એ કરાવતા સગીરાએ આરોપીઓને ઓળખી બતાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.8

ચકચારી ભાયલી સગીરા ગેંગરેપ કેસમાં આરોપીઓની ઓળખ પરેડ કરાવ્યા બાદ દિવાળીપુરા કોર્ટમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે રિમાન્ડ માટે રજૂ કરી 14 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. પરંતુ કોર્ટે બે દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે. કોર્ટ કાર્યવાહી દરમિયાન પાંચ આરોપીઓ પૈકી એક ઉભો થઈ ગયો હતો અને સાહેબ જેલ ભેજ દો પોલીસ બહુત મારતી હૈં.. તેમ કહેવા લાગ્યો હતો. ત્યારે હાજર રહેલા વકીલોએ ગુજરાત પોલીસ જિંદાબાદના નારા લગાવ્યાં હતા.

ભાયલી ખાતે ચકચારી સોળ વર્ષિય સગીરા પર ગુજારાયેલા ગેંગરેપ ના આરોપીઓને ક્રાઈમ બ્રાન્ચ છે 48 કલાકમાં જ ઝડપી પાડ્યા હતા. આજે મંગળવારના રોજ મેજિસ્ટ્રેટ સમક્ષ તેઓની ઓળખ પર એ કરાવતા સગીરાએ આરોપીઓને ઓળખી બતાવ્યા હતા. ત્યારે ડી વાય એસ પી બીએ ચાવડા ના સુપરવિઝન હેઠળ બનેલી એસ આઈ ટી ની ટીમ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે. ઓળખ પરેડ બાદ આરોપીઓની વધુ પૂછપરછ કરવા માટે પાંચેય આરોપી મુન્ના બનજારા, મુમતાજ ઉર્ફે આફતાબ સુબેદાર બનજારા અને શાહરૂખ બનજારા બાઈક પર નિકળી ગયેલા તેમના સાગરીત સૈફઅલી અને અજમલને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જેવા સગીરાને પિંખી નાખનાર દુષ્કર્મીઓને પોલીસ વાનમાં દિવાળીપુરા કોર્ટમાં લાવ્યા હતા ત્યારે વકીલોએ ભારે રોષ વ્યક્ત આરોપીઓ સામે કર્યો હતો. સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ આરોપીઓનો ટપલી દાવ પણ ત્યાં થયો હતો. કોર્ટ કાર્યવાહી દરમિયાન પાંચ પૈકી એક આરોપી ઊભો થઈ ગયો હતો અને જેલ ભેજ દો પોલીસ બહુત મારતી હૈ તેમ કહેવા લાગ્યો હતો. ત્યારે વકીલોએ ગુજરાત પોલીસ જિંદાબાદના નારા લગાવ્યા હોવાનું એડવોકેટ ભાવિન વ્યાસે જણાવ્યું હતું. પોલીસે આરોપીઓના 14 દિવસના રિમાન્ડની માંગણી કરતા 10 ઓક્ટોબર સુધીના એટલે કે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

### કયા કયા મુદ્દા પર રિમાન્ડ માગ્યા

- » ગુનો આચરતી વખતે આરોપીઓએ પહેરેલા કપડાં કબજે કરવાના બાકી
- » આરોપીઓએ સગીરા પાસેથી લૂંટ કરેલો મોબાઇલ ફોન કબજે કરવાનો છે
- » આરોપીઓએ ગુનામાં વાપરેલી મોટરસાઇકલ કબજે કરવા
- » આરોપીઓના મેડીકલ તપાસણી તથા અન્ય જરૂરી ટેસ્ટ કરાવી સેમ્પલો મેળવવા છે
- » આરોપીઓએ કયા કયા સ્થળે આશ્રય લીધો અને તેઓને કોણે કોણે મદદ કરી
- » આરોપીઓ સિવાય બીજા સહ આરોપીઓની સંડોવણી છે કે કેમ ?
- » આરોપીઓ ઉત્તરપ્રદેશના વતની હોય ગુનાહિત ઇતિહાસ ધરાવે છે
- » કૃત્ય કરવાનું અગાઉ પ્લાનિંગ હતું કે કેમ ?
- » ગુનાવાળી જગ્યા તરફ જવા માટે સૌપ્રથમ કોણે જણાવ્યુ હતું ?
- » આરોપીઓ ગુનો આચરતા પહેલા કયા ભેગા થયા?
- » ગુનો આચર્યા બાદ કયા ગયા હતા અને કયાં ઉભા રહ્યા ?
- » આરોપીઓ ગુનો આચર્યા બાદ કોના કોના સંપર્કમાં હતા. મોબાઇલ કોલ ડીટેલ એનાલીસીસ કરવાનુ છે
- » આરોપીઓએ ગુનો આચર્યો તે વખતે કોઇ પદાર્થનો નશો કર્યો હતો કે કેમ ?
- » ગુનાની જગ્યાએથી ચશ્મા મળી આવ્યા તે ચશમા કોના છે અને તે ક્યાંથી લાવ્યો હતો?

### કોર્ટે આરોપીઓ વિરુદ્ધ દર્શાવેલું ઉદારતાનુ વલણ ગેરકાયદે

ભાયલી વિસ્તારમા 16 વર્ષીય સગીરા પર ગુજારાયેલા સામૂહિક દુષ્કર્મના ગુનાના પાંચ આરોપીઓની ધરપકડ કરાઈ હતી. આરોપીની વધુ પૂછપરછ હાથ ધરવા માટે કોર્ટમા રજૂ કરી 14 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જોકે આ ગંભીર પ્રકારનો ગુનો હોવા છતા કોર્ટે માત્ર બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. પરંતુ કોર્ટ ઉદારતાનુ વલણ અપનાવ્યુ છે તે ગેરકાયદે છે. નામદાર કોર્ટ પણ જાણે કે આ સેન્સિબલ ઓફેન્સ છે. જો કોર્ટ તપાસ અધિકારીને પૂરતો સમય નહી આપે તો પુરાવા કેવી રીતે એકત્રીત કરશે. જેથી પોલીસ દ્વારા પણ બે દિવસ ના પુરા થયા બાદ ફર્ધર રિમાન્ડની માગણી કરે તેવી વકીલોની માગણી છે. ફર્ધર રિમાન્ડ દરમિયાન વિકટીમ સાથે સિનિયર સરકારી વકીલ સહિત પ્રોસિક્યુસનને પણ હાજર રાખીશુ તેવુ વકીલ રિતેશ ઠક્કરે જણાવ્યુ હતુ.

## પરપ્રાંતિયોની ચકાસણી કરવા માગણી કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા. 08

વડોદરા શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધારો થયો છે શહેરમાં અગાઉ નવલખી ખાતે દુષ્કર્મની ઘટના બની હતી ત્યારે હાલમાં ભાયલી ખાતે એક બાળકી સાથે ઘટના બની છે ત્યારે શહેરના સામાજિક કાર્યકર કમલેશ પરમાર દ્વારા શહેરના પોલીસ ભવન ખાતે આવેદનપત્ર સાથે રજૂઆત કરવામાં આવી હતી કે, વડોદરા શહેરમાં દરેક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં સુચનાઓ આપવામાં આવે કે, કેટલાક વિસ્તારોમાં પરપ્રાંતિય લોકોનો વસવાટ જોવા મળે છે કેટલાક પરપ્રાંતિય લોકો ધંધા રોજગાર અર્થે આવતા હોય છે પરંતુ તેઓ ગુનાહિત પ્રવૃત્તિઓ ધરાવતા હોય છે કે નહીં તેની જાણ નથી હોતી ત્યારે તમાંમ વિસ્તારોમાં ઓચિંતી તપાસ કરવામાં આવે અને ભાડાં કરાર તેમજ અન્ય એન.ઓ.સી.



સહિતના પુરાવા ચેકીંગ હાથ ધરવામાં આવે તેવી માંગ. કરાઈ છે સાથે સાથે વારંવાર ગુનાહિત પ્રવૃત્તિઓ થતી હોય તેવા વિસ્તારોમાં કોંબીગ હાથ ધરવામાં આવે જેથી ગુનાહિત પ્રવૃત્તિઓ અટકી શકે છે સાથે કેટલાક વિસ્તારોમાં ખુલ્લા મેદાનો,પ્લોટ, માલીકીની જગ્યાઓ તેમજ અન્ય અવાવરું જગ્યાએ સીસીટીવી કેમેરા લગાવવામાં આવે અને સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા કરવામાં આવે.

### શહેરમાં ચાલતી ખાનગી સિક્યુરિટી એજન્સીઓની પણ તપાસ થવી જોઇએ

તાજેતરમાં બીજા નોરતે ભાયલી વિસ્તારમાં પરપ્રાંતીય વિધર્મીઓ દ્વારા સગીરા પર સામુહિક દૂષ્કર્મ ની ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે ત્યારે શહેરમાં પરપ્રાંતીય લોકો દ્વારા ગેરકાયદે વસવાટ, ભાડે રહેતા હોવાની માંગ ઉઠી છે ત્યારે શહેરમાં ખાનગી સિક્યુરિટી એજન્સીઓની પણ તપાસ કરવી એટલી જ જરૂરી છે કારણ કે, સિક્યુરિટી એજન્સીઓમા મોટા ભાગે પરપ્રાંતિય લોકો જ ફરજ બજાવે છે તેઓ પાસે પોલીસ વેરિફિકેશન એન.ઓ.સી.,હથિયારી લાઇસન્સની પણ તપાસ થવી જોઈએ. સૂત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ ઘણીવાર કેટલાક તડીપાર કે ભાગેડુ ગુનેગારો શહેરમાં આવી સિક્યુરિટી તરીકે ફરજ બજાવી આશરો મેળવી લેતા હોય છે તો યુ.પી.,બિહારમાં હથિયારી લાઇસન્સ કે નકલી સર્ટિફિકેટ પણ આસાનીથી ઉપલબ્ધ થતા હોય તેના આધારે શહેરમાં પરપ્રાંતીયો આવી શરણ મેળવી લે છે પોલીસ વિભાગ દ્વારા તમામ સિક્યુરિટી એજન્સીઓ તથા તેમાં કામ કરતાં કર્મચારીઓ ની તટસ્થ તપાસ હાથ ધરવી જોઈએ.

### પાંચસો રૂપિયા લઈને બાઉન્સરે યુવકને પ્રવેશ આપી માર માર્યો

# યુનાઈટેડ વેના ગુંડા જેવા બાઉન્સરોએ નિર્દોષ યુવાનને માર મારતા વિરોધ

**સતત** વિવાદમાં રહેલું ધંધાદારી ગરબા આયોજક યુનાઈટેડ વે ફરી એકવાર વિવાદમાં



(પ્રતિનિધિ) વડોદરા તા.8

આ વર્ષે સતત વિવાદમાં રહેલું ધંધાદારી ગરબા આયોજક યુનાઈટેડ વે ફરી એકવાર વિવાદમાં આવ્યું છે. ખેલૈયાઓ પાસે 5000 રૂપિયા લીધા પછી કોઈ સુવિધા ઊભી નહિ કરી કાદવ માં ગરબા રામાદનાર યુનાઈટેડ વેએ મૂકેલા ગુંડા જેવા બાઉન્સરની દાદાગીરી બહાર આવી છે.

યુનાઈટેડ વેના ખેલૈયાના આક્ષેપ અનુસાર એક યુવાનને બાઉન્સર દ્વારા માર મારવામાં આવ્યો હતો. ગરબા રમવા જવા દેવા માટે બાઉન્સરને 500 રૂપિયા આપી યુવાન ગરબા રમવા જતો હતો તેવો આક્ષેપ ખેલૈયાએ કર્યો હતો.જે યુવાન ને માર મારવામાં આવ્યો છે તે યુવાનનો વિડીયો સામે આવ્યો હતો. યુવાન મોબાઈલ ચોરી કરતો હોય તેવો આક્ષેપ બાઉન્સર દ્વારા કરવામાં આવ્યો હતો, પરંતુ ખેલૈયા દ્વારા આ આક્ષેપને નકારતા ખેલૈયાના જણાવ્યા અનુસાર અમે યુવાન ને ચેક કર્યો પણ એના પાસે મોબાઈલ જ ન હતો. બનાવની જાણ પોલીસ ને કરાતા પોલીસ દ્વારા યુવાન ને પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો.

### સમા વિસ્તારની પોદ્દાર સ્કૂલની દાદાગીરી સામે પિતાએ બાંયો ચઢાવી

# બીજા ધોરણની વિદ્યાર્થિની પરીક્ષા આપવા 10 મિનીટ મોડી પહોંચતા બેસવા ન દીધી

**પિતાએ** વિનંતી કરી છતાં દીકરીને પરીક્ષામાં બેસવા ન દેતાં ધરણાં પર બેઠા



(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા સમાં વિસ્તારમાં આવેલી પોદાર વર્લ્ડ સ્કૂલમાં બીજા ધોરણમાં ભણતી વિદ્યાર્થિની પરીક્ષામાં 10 મિનિટ મોડી પોહચતા શાળા સંચાલકો એ પરીક્ષા નાં આપવા દીધી વાલી એ સ્કૂલ નાં ગેટ પાસે બેસી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સમા ખાતે આવેલી પોદાર વર્લ્ડ સ્કૂલમાં અભ્યાસ કરતી ધોરણ બે માં ભણતી પિહુની આજરોજ પરીક્ષા હતી પરીક્ષામાં માત્ર દસ મિનિટ લેટ પડતા શાળા સંચાલકોએ પિહુને પરીક્ષામાં બેસવા ના દીધી હતી જેથી દીકરીએ સ્કૂલમાં જ રડી કકડ કરી હતી અને તેના વાલીને જાણ થતાં વળી સ્કૂલ આવી પોહચયાં હતા . સ્કૂલમાં વાલી દ્વારા પરીક્ષામાં બેસવા દેવા માટે વિનંતી કરી હતી પરંતુ શાળા સંચાલકોએ વિદ્યાર્થીઓને બેસવા ના દેતા પિહુના પીતા સ્કૂલના ગેટની બહાર જ બેસીને ઘરના પ્રદર્શન કર્યું હતું. સાથે જ શિક્ષણ મંત્રીને ઈમેલ દ્વારા આખી ઘટનાની જાણ કરી હતી એક બાજુ સરકાર પઢેગા ઈન્ડિયા તો બઢેગા ઈન્ડિયા ની જાહેરાતો કરે છે ત્યારે ખાનગી શાળાઓની આ માનવાની કેટલી યોગ્ય છે? એવા અનેક સવાલો ચર્ચાઈ રહ્યા છે.

પિતાનું કહેવું છે પ્રિન્સિપાલ કોઈ જવાબ આપવા તૈયાર નથી કોઈ જવાબદારી લેવા તૈયાર નથી દસ મિનિટ મારી દીકરી પરીક્ષામાં લેટ પહોંચી છે તેવામાં છોકરીને બેસવા દેવામાં નથી આવી મારી છોકરી અને મેં ઘણી વિનંતી કરી છતાં મારી છોકરીને પરીક્ષા ન આપવા દીધી અને મારી છોકરી રડી રડીને દુઃખી થઈ ગઈ હતી.

એક કે બે વ્યક્તિને લઈને આ સ્કૂલ ચાલે છે પોતાના ઈગોને હર્ટ ના કારણે મારી છોકરીને સ્કૂલના સંચાલકોએ પરીક્ષા આપવા ના દીધી. મારી છોકરીને ઓલમ્પિકની પરીક્ષા આપવા જતી હતી તેઓ એવું કહે છે જે થાય એ કરો છોકરી પરીક્ષામાં નહીં બેસી શકે 10 મિનિટ મોડું આવવાથી આવું વર્તન એ યોગ્ય નથી.

### જામ્બુવા બ્રિજ પર પડેલા મોટા ખાડાઓના કારણે અવ્યવસ્થા સર્જાઇ

# પોરથી કરજણ સુધી 8 કિમી લાંબો ટ્રાફિક જામ,વાહનચાલકો અટવાયા

**5 મહિનાથી** દરરોજ ટ્રાફિક જામ થાય છે




(પ્રતિનિધિ) વડોદરા,તા.8

મુંબઈ વડોદરાને જોડતા હાઈવે નંબર 48 પર રોજના અસંખ્ય નાગરિકો ની અવરજવર થાય છે. એવા જામ્બુવા બ્રિજ પર પડેલા મોટા ખાડાઓના કારણે છેલ્લા 5 મહિનાથી દરરોજ ટ્રાફિક જામ થાય છે. આ બાબતે ધર્મેશ શર્મા દ્વારા વડોદરા ના સાંસદને રૂબરૂ મળીને, લેખિત માં નીતિન ગડકરી,હર્ષ સંઘવી, ભૂપેન્દ્ર પટેલને પત્ર દ્વારા તેમજ હાઈવે ઓથોરિટી ને મેઈલ કરેલ છે. જેના અનુસંધાને સાંસદ દ્વારા આ બ્રીજની 2 વખત મુલાકાત કરવામાં આવી હતી. થોડા દિવસ પહેલા રોડનું રીપેરીંગ કરવામાં આવ્યું હતું. એક જ વરસાદ પડતાં ફરી થી જામ્બુવા બ્રીજ પર મોટા મોટા પડી ગયા છે.

જેના કારણે છેલ્લા કેટલાક દિવસથી ફરી કિલો મીટરનો ટ્રાફિક જામ થઈ ગયો છે અને આજે ફરી સવાર થી પોરથી કરજણ સુધી આશરે 8 કિલોમીટર લાંબો ટ્રાફિક જામ થઈ ગયો હતો. જેમાં હજારો વાહનો ફસાઈ ગયા હતા. જેના કારણે હજારો નાગરિકોના સમય નો વ્યય થાય છે અને લાખો રૂપિયા ના ઇંધણ નો બગાડ થઈ રહ્યો છે. અને આ ટ્રાફિક જામ ના કારણે પોર જાંબુઆ કરજણ અપડાઉન કરતા નાગરિકો હવે શારીરિક અને માનસિક રીતે થાકી ગયા છે અને તમામ ની એક જ માંગ છે કે હવે તાત્કાલિક ધોરણે આ સમસ્યા નો કાયમી ધોરણે ઉકેલ આવે.

# વડદલા ગામના લોકો દ્વારા વીજ પ્રશ્ને માર્ગ પર બેસી રસ્તા રોકો આંદોલન

**અનેક** વખત લાઈટો ડૂલ થતા લોકોને ઉજાગર તો બાળકોનું શિક્ષણ બગડી રહ્યું હોવાના આક્ષેપ

**મહિનામાં** માત્ર 8 દિવસ વીજ પુરવઠો કાર્યરત

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વડદલા ગામના લોકોએ વીજ પ્રશ્ને આજે સવારે રસ્તા રોકો આંદોલન કરી વિરોધ દર્શાવ્યો હતો.

વડોદરા શહેર નજીક આવેલ વડદલા ગામનો વર્ષ 2019-20 થી કોર્પોરેશનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. છતાં પ્રાથમિક સુવિધાઓ નહીં મળતા ગામના લોકોમાં ભારે રોષ ફેલાયો છે. 1 મહિનામાં માત્ર 8 દિવસ વીજ પુરવઠો કાર્યરત રહેતો



હોય વીજળી ડુલ વારંવાર થતા ગ્રામજનો હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે. બાળકોનો અભ્યાસ બગડી રહ્યો છે. વેપાર ધંધામાં પણ નુકસાન થઈ રહ્યું છે. લોકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. આ અંગે વારંવાર રજૂઆત કરવા છતાં આજદિન સુધી સમસ્યાનું નિરાકરણ કરવામાં નહિ આવતા મંગળવારે ગ્રામજનોએ રસ્તા રોકો આંદોલન કર્યું હતું. માર્ગ પર બેસી જઈ તંત્રને જગાડવાનો પ્રયાસ કર્યો હતો.

# તહેવારમાં પણ પૂરતું પાણી નહીં મળતા નાગરિકોમાં ભારે રોષ

**અઢીથી** ત્રણ લાખ લોકોને પાણી આપો : સ્થાનિક કાઉન્સિલર બાળુ સુર્વે





(પ્રતિનિધિ) વડોદરા તા.8

મહીસાગર ફ્રેન્ચવેલ ખાતે પાણીની ફીડર લાઈનમાં કામગીરીના કારણે ત્રણ લાખ લોકોને ઓછા પ્રેશરથી પૂરતું પાણી નહીં મળતા કોંગ્રેસના કોર્પોરેટરે તંત્રની કામગીરી લઈને રોશ વ્યક્ત કર્યો હતો.

મહીસાગર ખાતેથી પાણી મેળવી વડોદરા શહેરમાં વિતરણ કરવામાં આવેલા રાયકા ધોળકા ખાતે ફ્રેન્ચ વેલ ખાતે હાલ કામગીરી શરૂ કરવામાં આવનાર તેવી માહિતી સ્થાનિક નગર સેવકને મળી છે પરંતુ તે પહેલા જ પાણી કાપના કારણે ત્રણ લાખ લોકોને ઓછા પ્રેશરથી અપૂરતું પાણી મળી રહેવાનું હોવાથી આજે તંત્ર સામે રોષ વ્યકત કરતા કોંગ્રેસી કોર્પોરેટર બાળુ સુર્વે એ જણાવ્યું હતું કે જેલ ટાંકી લાલબાગ ટાંકીથી વિતરણ થતાં સાત ઝોન વિસ્તારમાં પાણીની ટાંકી અંગે તંત્રનું ધ્યાન દોરવા છતાં પણ કામ થયું નથી તહેવારોના દરમિયાન નાગરિકોને પાણી પૂરતું ન મળતા નાગરિકો દ્વારા ફોન પર ફરિયાદો કરવામાં આવી રહી છે ત્યારે જવાબદાર અધિકારીઓ સાથે વાત કરી વેહલી તકે કામ પૂર્ણ કરી સૂચન કર્યું હતું.

### જે.પી.રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એલસીબીનો સપાટો

# બાઈક પર કંતાનમાં લપેટીને લઈ જવાતા દારૂના જથ્થા સાથે એકને ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા. 08

વડોદરા એલ.સી.બી.ટીમ ઝોન -2 દ્વારા એક બાઈક સવાર ઈસમને રૂ.32,000ની કિંમતના ભારતીય બનાવટના અંગ્રેજી દારૂ તથા ક્વાટરીયા સાથે ઝડપી પાડી કુલ રૂ. 62,000નો મુદામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર, એલ.સી. બી.સ્કોડ ઝોન-02 ની ટીમ જે.પી.રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી જેમાં કેનાલ રોડથી સાંઈદર્શન વુડાના આવાસો તરફ એક ઈસમ સફેદ શર્ટ અને કાળારંગનુ પેન્ટ પહેરેલ એક ઈસમ મોટર સાયકલ રજી.નંબર જીજે-06-એફ પી.4928 પર દારૂ લઈને આવી રહ્યો હોય એલ.સી.બી. ટીમે વોચ રાખી બાઈકને કોર્ડન કરી તપાસ કરતાં



બાઈકના આગળના ભાગે પ્લાસ્ટીકના કંતાનમા ભારતીય બનાવટના અંગ્રેજી દારૂની બોટલો તથા ક્વાટરીયા મળી આવેલ જેની અંદાજે કિંમત રૂ. 32000 તથા મોટરસાયકલ જેની કિંમત રૂ. 25000 તથા મોબાઈલ ફોન કિંમત રૂ. 5000 મળી કુલરૂ. 62000નો મુદામાલ સાથે મહેશ ઉર્ફે કાવી જીનાભાઇ માળી ઉ.વ. 30 (રહે. બ્લોક નં.06,મ. નં.01,સાંઈદર્શન વુડાના મકાન) ને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.